GJLV040006992025

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૬/૧૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૧૬/૧૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦ | ૦૩ | ૧૭ |

---

**<u>ખાનપુરના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, તા.ખાનપુર</u>**

**<u>મુકામ– બાકોર જી.મહીસાગર.</u>**

---

**<u>ફોજદારી કેસ નં. ૫૬૬/૨૦૨૫</u>**
**આંક – ૧૯**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરુઘ્ઘ**

આરોપી : – રમણભાઈ અખમાભાઈ માલીવાડ, ઉ.વ.આ.૪૨
રહે. છાપરી, તા.ખાનપુર જી.મહીસાગર

---

**ગુન્હો :– ધી પ્રોહી.એકટ કલમ– ૬૫ એ એ મુજબ...**

---

**ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.જી.ડોડીયા**
**આરોપી તરફે વિ.વકીલ શ્રી પી.એસ.ખાંટ**

---

**– : <u>ચુકાદો</u> : –**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૯/૧૦/૨૦૨૪ ના રોજ ક.૧૭ : ૩૦ વાગે મોજે છાપરી ગામે પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના ખેતરમાં બનાવેલ ઝુંપડાના ખુણામાં એક પ્લાસ્ટીકના બોટલમાં દેશી દારૂ લીટર : ૦૨ , કિં

.રૂ.૪૦૦/– નો ગે.કા.રીતે રાખી પોલીસની રેઈડ દરમીયાન હાજર મળી ન આવી પ્રોહી એકટ : ૬૫ એએ મુજબના ગુનાની ફરીયાદ ફરીયાદીએ બાકોર પો.સ્ટે.''સી'' પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૧૨૫૦૪૦૯/૨૦૨૪ થી ગુનો રજીસ્ટર કરી હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૫ થી આરોપીની ગુના સબબ પ્લી રેકર્ડ કરવામા આવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા સદર કામ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબનાં પુરાવાઓ રજુ કરેલ છે.

**:: ફોર્મ – સી ::**

**ફરીયાદપક્ષના સાક્ષીનું લીસ્ટ–**

| **અ.નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૦૮ | વનરાજસિંહ દીલીપસિંહની જુબાની | ફરીયાદી |
| ફ.સા.૨ | ૧૦ | ભીખાભાઈ ખાતુભાઈ રોહીત ની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.૩ | ૧૨ | કીરણભાઈ હીરાભાઈ વણકરની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.૪ | ૧૪ | મકમસિંહ ભીમસિંહ ઠાકોર ની જુબાની | ત.ક.અ. |

**ફરીયાદીપક્ષના દસ્તાવેજી પુરાવા વાળા આંકનું લીસ્ટ–**

| **અ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| **૧.** | **આંક** –૦૯ | ફરીયાદ |
| **૨.** | **આંક** –૧૧ | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ |

(૪) ત્યારબાદ આ કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપેલ છે તથા વિશેષમાં ખોટી ફરીયાદ કરેલાનું તથા પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) હાલનાં કેસનાં ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**– : મુદ્દાઓ:–**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે,તા.૦૯/૧૦/૨૦૨૪ ના રોજ ક.૧૭ : ૩૦ વાગે મોજે છાપરી ગામે પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના ખેતરમાં બનાવેલ ઝુંપડાના ખુણામાં એક પ્લાસ્ટીકના બોટલમાં દેશી દારૂ લીટર : ૦૨ , કિં.રૂા.૪૦૦/– નો ગે.કા.રીતે રાખી પોલીસની રેઈડ દરમીયાન હાજર મળી ન આવી પ્રોહી એકટ : ૬૫ એએ મુજબનો ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**–: નિર્ણય માટેનાં કારણો :–**

**મુદ્દા નં.૧ :–**

(૮) ફરીયાદપક્ષે આંક– ૮ થીફરીયાદી વનરાજસિંહ દીલીપસિંહતથા આંક–૧૪થી ત.ક.અ. મકમસિંહ ભીમસિંહ ઠાકોર નાઓ ને તપાસેલ છે.જેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે છે પરંતુ બચાવપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસનો પુરાવો ધ્યાને લેતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે ગુનાવાળી જગ્યાનીઆજુબાજુ ઘણા બધા રહેણાકનો મકાનો આવેલા છેઅને ત્યા સતત લોકોની અવર જવર રહે છે.તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી.તેમજ આ કામે ફરીયાદપક્ષે આંક– ૧૦ થી તપાસેલ પં ચ સાહેદ ભીખાભાઈ ખાતુભાઈ રોહીત તથા આંક–૧૨ થી તપાસેલ પંચ સાહેદ કીરણભાઈ હીરાભાઈ વણકર નાઓએ માત્ર તૈયાર કાગળ પર સહી કરેલ હોવાનુ તેમજ તે સીવાય કઈ જાણતા ન હોવાનો પુરાવો આપેલ છે તેથી સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકરતા ના હોય વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માગી તેમ પુછવા છતા પણ ફરીયાદપક્ષના કેસને મદદરુપ હકીકત રેકર્ડ પર આવેલ નથી,તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર કાગળ પર સહી કરાવેલ તે સીવાય કઈ જાણતા નથી.

(૦૯) આમ , આ કામે તપાસમાં આવેલ પંચ સાહેદ કે જેઓ પંચનામામાં માત્ર તેઓએ સહી કરેલ હોવાનો પુરાવો આપે છે. પંચનામાની વિગત વિશે માહીતી ન હોવાનુ જણાવે છે તેમજ સદર કામે ચાર્જશીટ ધ્યાને તેમા ફરીયાદપક્ષે સાહેદ તરફે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ નથી અને તેથી આક્ષેપિત પ્રોહી મુદ્દામાલ મળી આવેલ હોવા બાબતે અને આક્ષેપિત ગુના અંગે શંકા ઉત્પન્ન થાય છે.

તેવા સંજોગોમાં નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો ને ધ્યાને લેવામાં આવે છે.

**THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others Reported at 2016(4) GLR 3159**

"…….In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"

આ કામે જો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દિલીપ સાન્શી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે**,** “In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person.”

આમ**,**હાલના કામે તપાસવામા આવેલ પોલીસ સાહેદો ફરીયાદી તથા તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષના કેસની ફરીયાદ હકીકતને પુરાવામા સમર્થન આપે છે પરંતુ હાલના કામે બનાવ સમયે બનાવ સ્થળે હાજર હોવા બાબતે મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર નથી તેમજ હાલના કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદ માત્ર તૈયાર પંચનામામા પોલીસે સહી સહી કરાવેલ હોવાનુ પુરાવો આપેલછે તે રીતે પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી તેમજ હાલના કામે સદર પંચ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવો રેકર્ડ પર થી જેથી આક્ષેપીત ગુના મુજબ પંચનામાની વીગતે પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ છે કે કેમ તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે. આમ**,** ઉપરોકત ઓથોરીટી વંચાણે લેતા તેમા ઠરાવ્યા મુજબ પંચ સાહેદ જયારે ફરીયાદપક્ષના કેસને પંચનામાની વીગતે પ્રોહી મુદ્દામામાલ કબજે કરેલછે કે કેમ બાબત શંકા ઉત્પન્ન થાય છે તેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોવાનુ

આ કોર્ટનુ માનવુ છે અને ફોજદારી કાર્યરીતીના સિધ્ધાતો મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જો કોઈ શંકા રહી જાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. હાલના કામે પણ પંચનામાની વીગતે પ્રોહી મુદામાલ કબજે કરેલ કે કેમ?તે બાબતે શંકા ઉત્પત્ન થતી હોય મુદૃા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી મુદૃા નં.૨ પરત્વે આખરી હુકમ કરવામા આવે છે.

**– : આખરી હુકમ : –**

- આ કામનાં આરોપી : રમણભાઈ અખમાભાઈ માલીવાડ, ઉ.વ.આ.૪૨ રહે. છાપરી,તા.ખાનપુર,જી.મહીસાગર નાઓને બી.એન.એસ.એસ.કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ એ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદૃામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદૃામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ બી.એન.એસ.એસ કલમ– ૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન તથા જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**તા. ૦૨/૦૪/૨૦૨૬** **(અજીતકુમાર દેવાભાઈ પરમાર )**

**ખાનપુર.** **જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ખાનપુર મુ.બાકોર**

**UIC NO.GJ 01359**